શ્રી એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# ✻ શ્રી એમ. ડી. મહેતા કન્યા છાત્રાલય – ધ્રોલ ✻

## પ્રવેશ પત્ર

સંચાલક શ્રી,

જય ભારત સાથ આ સાથેના નિયમો મેં અને મારી પુત્રીએ વાંચ્યા છે તે તમામ નિયમો અમોને માન્ય છે. આ નિયમોનું પાલન કરવાની શરતે મારી પુત્રીને દાખલ કરવા વિનંતી.

(પ્રવેશ પત્ર બાળાએ સ્વહસ્તાક્ષરમાં ભરવું)

| | |
|---|---|
| ૧. | બાળાનું પુરુંનામ (અટક સાથે) : |
| ૨. | સંપૂર્ણ સરનામું : |
| ૩. | જન્મ તારીખ : |
| ૪. | વાલીનો વ્યવસાય : |
| ૫. | વાલીની વાર્ષિક આવક : |
| ૬. | છેલ્લું પસાર કરેલ ધોરણ :<br>(માર્કશીટ તથા સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ જોડવી) |
| ૭. | કયા ધોરણમાં દાખલ થવા ઈચ્છો છો ? |
| ૮. | અગાઉ કોઈ છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ છે ?<br>(જો હો તો સંપૂર્ણ વિગત આપો ) |
| ૯. | બાળા કઈ પ્રવૃતિમાં રસ ધરાવે છે તેની વિગત આપો<br>(ગીત, ચિત્ર, અભિનય, વકતૃત્વ, રમતગમત, નૃત્ય વિગેરે...) |
| ૧૦. | શારીરિક ખોડ ખાપણ હોય તો સંપૂર્ણ વિગત આપો : |
| ૧૧. | શારીરિક બિમારી હોય તો સંપૂર્ણ વિગત આપો : |
| ૧૨. | સ્થાનિક વાલીનું નામ અને સરનામું : |
| ૧૩. | ઘરના ટેલીફોન નંબર અથવા સંપર્ક માટે મોબાઈલ નંબર : |
| ૧૪. | અન્ય નોંધ : |

ઉપરોકત પ્રવેશપત્રમાં જણાવેલ તમામ હકીકત મારી જાણ અને માન્યતા મુજબ સત્ય છે. છાત્રાલયના નિયમોની નકલ અમોને મળેલ છે. જે અમોને માન્ય છે. ભરેલ હોસ્ટેલ ફી ની રકમ વિદ્યાર્થીની ૧ દિવસ રહેશે તો પણ પરત મળવા પાત્ર નથી. જે અમોને મંજુર છે.

વિદ્યાર્થીનીની સહી ____________________ વાલીની સહી ____________________

---

### (કચેરીના ઉપયોગ માટે)

જ. ર. નં. ____________ થી શ્રી ______________________________ ને

છાત્રાલયમાં પ્રવેશ આપ્યો તા. ____________

કલાર્ક ____________________ સંચાલક ____________________

Scanned with OKEN Scanner

# શ્રી એમ. ડી. મહેતા એજયુકેશન ટ્રસ્ટ,સંચાલિત

## શ્રી એમ. ડી. મહેતા કન્યા છાત્રાલય, ધ્રોલનાં વિદ્યાર્થી તથા વાલી જોગ નિયમો

૧. દીકરીઓના શિક્ષણ સાથે તેનું સંસ્કારલક્ષી જીવન ઘડતર થાય તે આ સંસ્થાની પાયાનો હેતુ છે, આથી દાખલ થનાર વિદ્યાર્થીનીઓ તથા વાલીઓને દીકરીઓના હિતમાં તમામ નિયમોનું પાલન થાય એ આવશ્યક છે.

૨. ધોરણ ૬ થી ૧૨ માં છાત્રાલયનું પ્રવેશ કાર્ય મે માસથી શરૂ થશે અને નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.

૩. પ્રવેશ મેળવતી વખતે દીકરીને જો કોઈ શારીરિક કે માનસિક બિમારી હોય તો જાણ કરવાની રહેશે.

૪. છાત્રાલયમાં દાખલ થતી વખતે દીકરીને ગાદલું-ઓશીકું, ઓછાડ તથા ઓઢવા માટેની ચાદર સંસ્થા તરફથી આપવામાં આવશે, એ સિવાયની નીચેની વસ્તુઓ સાથે આપવાની રહેશે :
બે જોડી શાળાનો યુનિફોર્મ, નેપકીન, ટુવાલ, આસન, તેલ, દાંતિયો, ન્હાવા- માથું ધોવાનો સાબુ-શેમ્પુ, કપડા ધોવા પાવડર, સાબુ, બ્રશ-૧, ડોલ, નાસ્તાની ડીશ, ચમચી-૧, ૧ થાળી - વાટકો, ગ્લાસ, તાળું મારી શકાય તેવી સૂટકેશ તથા શાળાના પાઠય પુસ્તકો-નોટબુકસ સ્કૂલબેગ વિગેરે

૫. દીકરીને જરૂરીયાત મુજબના યુનિફાર્મ સિવાયના દીકરીની મર્યાદા જાળવાય તેવા પુરતા અને ખુલતા કપડા આપવા ટુંકા સ્લીવલેસ, શોર્ટસ, કેપ્રી અને ફીટ કપડા છાત્રાલયમાં દીકરીને પહેરવા દેવામાં આવશે નહી

૬. દીકરીઓના વાપરવાના પૈસા હોસ્ટેલની તેમની પાસબુકમાં રૂા. ૨૦૦૦/- જમા કરાવવાના રહેશે, આ સિવાય દાગીના કિંમતી વસ્તુ કે રોકડ રકમ પોતાની પાસે રાખી શકશે નહી. તેમ છતા જો રાખશે તો સંસ્થાની જવાબદારી રહેશે નહી

૭. દરેક દીકરીએ હોસ્ટેલમાં લેવાતા ટયુશન કલાસ, શાળા, રમત-ગમત તથા સહ-અભ્યાસિક પ્રવૃતિઓના નિયત સમયનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. છાત્રાલયમાં નિયત કરેલા સમયે વિદ્યાર્થીનિ મુકવા તેડવા કે મળવા માતા-પિતા એ જ આવવાનું રહેશે અને છાત્રાલયમાંથી અપાયેલો માતા - પિતાના ફોટા વાળો પાસ સાથે લાવવાનો રહેશે.

૯. વિદ્યાર્થીનીને મળવા છાત્રાલયના નિયત કરાયેલા દિવસે જ માતા - પિતા એ બે કલાકની સમય મર્યાદામાં સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ ના સમયમાં મળવા આવવાનું રહેશે, સાથે અન્ય વ્યકિત કે સગાં સબંધીને પ્રવેશ મળી શકશે નહી.

૧૦. વાલીને કોઈપણ કારણસર બોલાવવામાં આવે ત્યારે ફરજીયાત આવવાનું રહેશે.

૧૧. વિદ્યાર્થીની ઘરેથી સૂકો નાસ્તો સાથે રાખી શકશે, આ સિવાય લસણ, ડુંગળી, આમલી કે તેલ વાળો નાસ્તો કે છાશ દહીં જેવા પ્રવાહી ખોરાક સાથે રાખી શકશે નહી.

૧૨. ઘરમાં નાના પ્રસંગો કે દૂરના સગાં ના લગ્ન પ્રસંગે દીકરીને તેડવા આવવાનો આગ્રહ રાખશો નહી અને બિનજરૂરી ઘરે લઈ જવાની રજા માંગશો નહી. ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને ચાલુ દિવસમાં રજા મળી શકશે નહી.

૧૩. સાતમ-આઠમના તહેવારો તથા અન્ય રજાઓમાં દીકરીઓને ઘરે જવાની મંજૂરી સંપૂર્ણપણે સંસ્થાના નિયમોને આધીન રહેશે. આ સિવાય ચોકકસ કારણ વિના રજા મળી શકશે નહી.

૧૪. સંસ્થામાં દીકરીઓની પૂરેપૂરી સંભાળ લેવામાં આવે છે આમ છતા જો કોઈપણ કારણસર બિમારી કે અકસ્માત થાય તો સંસ્થા જવાબદારી રહેશે નહીં તથા તે અંગેનો તમામ ખર્ચ વાલીએ ભોગવવાનો રહેશે.

૧૫. સામાન્ય બિમારીમાં અહીં સ્થાનિક ડોકટર પાસે સારવાર અપાવવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવશે અન્યથા વાલીને જાણ કરવામાં આવશે.

૧૬. દીકરીને છાત્રાલયમાંથી ફોન પર વાતનો આગ્રહ ન રાખતા તેમને વાલી દ્વારા પત્ર પાઠવીને તથા દીકરીને પત્ર લખવા માટે પ્રોત્સાહન આપવું. દીકરીને માત્ર ઘરે પત્ર વ્યવહાર કરવાનો રહેશે અને આ વ્યવહાર પર ગૃહમાતાનો અંકુશ રહેશે.

૧૭. દરેક દીકરીને પોતાનું કામ તથા પોતાની વસ્તુઓ સાચવવાની જવાબદારી તેની પોતાની જ રહેશે તેમજ છાત્રાલયનું તેના ભાગે આવતુ કામ ફરજીયાત કરવાનું રહેશે.

૧૮. સંસ્થા વતી ગૃહમાતા છાત્રાલયની જવાબદાર વ્યકિત રહેશે. તેમનો નિર્ણય આખરી બંધનકર્તા હશે.

૧૯. છાત્રાલયના નિયમોનું ઉલ્લંઘન કરનાર દીકરીને છાત્રાલયમાંથી બરતરફ કરવામાં આવશે.

૨૦. છાત્રાલયમાં રહેતી દીકરી મોબાઈલ ફોન રાખી શકશે નહીં તેમજ શાળામાં અભ્યાસ માટે આવતી સ્થાનિક દીકરીઓ સાથે કોઈપણ પ્રકારની લેતીદેતી કરી શકશે નહી.

૨૧. છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ દીકરી ગૃહમાતાની પરવાનગી વિના ગેઈટ બહાર જઈ શકશે નહી જો તેનું ઉલ્લંઘન કરશે તો સંસ્થા જવાબદાર રહેશે નહી અને તેના પર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૨૨. શાળામાં ચાલતા વિષયો જ વિદ્યાર્થીએ રાખવાનાં રહેશે તથા ૬ થી ૯ ધોરણ માટે કોમ્પ્યુટર વિષય ફરજીયાત રહેશે

૨૩. શિષ્યવૃતિ માટે દરેક વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીયકૃત બેંકમાં પોતાનું ખાતું ખોલાવવાનું રહેશે તથા પોતાની પાસે પાસબુક, આગળના વર્ષની માર્કશીટની ઝેરોક્ષ, સ્કૂલ લીવીંગ સર્ટી. ની ઝેરોક્ષ, આધાર કાર્ડની ઝેરોક્ષ, ચાલુ વર્ષનો વાલીની આવકનો દાખલો, જાતિનું પ્રમાણપત્ર તથા પાસપોર્ટ સાઈઝના કલર ફોટા લાવવાના રહેશે.

૨૪. છાત્રાલયની વાર્ષિક ફી ૨૦,૦૦૦/- રહેશે, જે બે હપ્તામાં ભરવાની રહેશે.

૨૫. ઉપરોકત નિયમોમાં ફેરફાર કરવાનો અધિકાર સંસ્થાનો રહેશે.

૨૬. પ્રવેશપત્ર તથા અન્ય માહિતી માટે સંપર્ક કરો :

**શ્રી એમ. ડી. મહેતા કન્યા છાત્રાલય, દરબારગઢ, ધ્રોલ ૩૬૧૨૧૦ જિ. જામનગર**
**ફોન નં. (૦૨૮૯૭) ૨૨૪૩૪૪, ૨૨૩૭૯૨**

Scanned with OKEN Scanner

શ્રી એમ.ડી. મહેતા સાયન્સ સ્કૂલ – ધ્રોલ

દરબારગઢ, ધ્રોલ - ૩૬૧૨૧૦ જી.જામનગર

# પ્રવેશ પત્ર

* ક્યાં ધોરણમાં પ્રવેશ જોઈએ? ____________

1) વિદ્યાર્થીનું પૂરું નામ (ગુજરાતીમાં) : ____________ ____________ ____________

(નામ) (પપ્પાનું નામ) (અટક)

2) STUDENT NAME (અંગ્રેજીમાં) : ____________

3) માતાનું નામ : ____________

4) સરનામું : ____________ ____________ ____________

(પપ્પાનું નામ) (દાદાનું નામ) (અટક)

____________

____________

____________

તાલુકો : ____________ જીલ્લો : ____________ પીનકોડ : ____________

5) વાલીનો ફોન નં : (1)____________ (2)____________

6) ધર્મ : ____________ જાતિ : ____________ જાતિકોડ : ____________

7) જન્મસ્થળ : ____________ તાલુકો : ____________ જીલ્લો : ____________

8) જન્મ તારીખ : અંકોમાં ____________ શબ્દોમાં : ____________

9) પૂર્વ શાળા : ____________

10) પૂર્વ શાળા UID No : [ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ]

11) વિદ્યાર્થી Adhar Card No : [ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ][ ]

12) શારીરિક ખોડખપણ છે? જો હોય તો તેની વિગત ____________ (અપંગ હોવાનું સર્ટી – ઝેરોક્ષ ૧)

13) પિતાનો વ્યવસાય : ____________ માતાનો વ્યવસાય : ____________

14) વાલીની વાર્ષિક આવક : ____________

15) બેંકનું નામ : ____________

16) શાખાનું નામ : ____________

17) બેંક એકાઉન્ટ નં : ____________ IFSC CODE : ____________

18) રેશનકાર્ડ નં : ____________ બી.પી.એલ. નં(હોય તો) : ____________

19) બ્લડ ગ્રુપ : ____________ ધો – ____________ (ટકા-%) : ____________

Scanned with OKEN Scanner

# શાળામાં પાલન કરવાનાં નિયમો

૧) શાળા સરકાર માન્ય છે.
૨) વિદ્યાર્થીનીએ શાળામાં નિયમિત હાજરી આપવી ફરજીયાત છે. પૂર્વ મંજુરી વિના આઠ દિવસ થી વધુ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીનીનું નામ શાળામાંથી રદ કરવામાં આવશે.
૩) શાળામાં પ્લાસ્ટીક વપરાશ પર પ્રતિબંધ છે.
૪) શાળાએ નકકી કરેલો ગણવેશ પહેરવો જરૂરી છે.
૫) શાળાનાં શિસ્ત, સ્વચ્છતા અને આરોગ્યનાં નિયમોનું પાલન કરવાનું જરૂરી છે.
૬) શાળાનાં ફર્નીચર–સાધન સામગ્રી અને શાળાની મિલ્કતને નુકશાન કરનાર વિદ્યાર્થીની શિક્ષાને પાત્ર રહેશે.
૭) નિયમ વિરૂધ્ધ વર્તનાર વિદ્યાર્થીની શિક્ષાને પાત્ર ઠરશે અને શાળામાંથી પ્રવેશ રદ કરવામાં આવશે.
૮) સરકારી સહાય મેળવતા વિદ્યાર્થીઓએ તેમની માહિતી/આધારો સમયસર ઓફિસમાં રજૂ કરવાનાં રહેશે. સમયસર માહિતી રજૂ ન કરવાથી વિદ્યાર્થી સહાયથી વંચિત રહેશે તેને માટે શાળા જવાબદાર રહેશે નહી.
૯) શાળામાં લેવાની તમામ કસોટી/પરીક્ષા આપવી જરૂરી છે.
૧૦) શાળાની પરીક્ષામાં ગેરરીતિ કરનાર વિદ્યાર્થીનીનો પ્રવેશ રદ થવાને પાત્ર છે.
૧૧) શૈક્ષણિક સાધનો વિદ્યાર્થીઓએ પોતાનાં વાપરવાનાં રહેશે.
૧૨) શાળામાં ચાલતી સહઅભ્યાસિક પ્રવૃતિમાં ભાગ લેવો જરૂરી ગણાશે.
૧૩) શાળામાં વિષય પસંદગી / પરિણામ બાબતે શાળાનો નિર્ણય આખરી રહેશે.
૧૪) શાળાની કોઈપણ ફરિયાદ માટે અન્ય સ્ટાફને ન મળતા આચાર્યાશ્રીને મળવુ.
૧૫) એકવાર પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ ચાલુ રહે ત્યાં સુધી ઉપરોકત નિયમો વાલી તથા વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.
૧૬) વિદ્યાર્થીએ ચાલુ વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તે વર્ષનો અભ્યાસ ફરજીયાત પણે શાળામાં જ પુર્ણ કરવાનો રહેશે. વચ્ચેથી લીવીંગ સર્ટીફીકેટ આપવામાં આવશે નહી.
૧૭) વિદ્યાર્થીઓને શાળામાં મોબાઈલ લાવવા પર પ્રતિબંધ છે.
૧૮) શાળાએ આવ્યા પછી ચાલુ શાળાએ કોઈપણ વિદ્યાર્થીને વચ્ચે ઘરે જવાની રજા આપવામાં આવશે નહી.

## બાંહેધરી

ઉપરોક્ત નિયમો મે અને મારી પુત્રી / પાલ્યએ વાંચ્યા છે અને ઉપરોક્ત નિયમોનું સંપૂર્ણ પણે પાલન કરશું તેવી બાહેંધરી આપીએ છીએ.

વિદ્યાર્થીની સહી

પિતા/વાલીની સહી

Scanned with OKEN Scanner